Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ


વીર સં. ૨૪૯૪
વિ. સં. ૨૦૨૪
ઇ. સ. ૧૯૬૮

અ ષા ઢ

પુસ્તક ૮૪ મું
અંક ૯
૫ જુલાઇ


(૧૧૮) लध्धूण वि माणुसत्तणं, आरियत्तं पुणरावि दुल्लभं ।
बहवे दस्सुया मिलक्खुया, समयं गोयम ! मा पमायए ॥६॥

૧૧૮. મનુષ્યનો અવતાર કદાચ મળી ગયો તો પણ આર્યમનુષ્યનો જન્મ મળવો ભારે દુર્લભ છે. દસ્યુઓ અને મલેછ લોકો મનુષ્યો જ હોય છે, છતાં તેઓ અનાર્ય હોઇને ધર્માચરણને સમજી શકતા નથી. માટે હે ગૌતમ ! એક ક્ષણ માટે પણ પ્રમાદ ન કર.

—મહાવીરવાણી


: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ : : વર્ષ ૮૪ મું : : વાર્ષિક લવાજમ ૫-૨૫ પોસ્ટેજ સહિત

# अनुक्रमणिका


૧ શ્રી વર્દ્ધમાન મહાવીર : મણુકો ત્રીજો-લેખાંક : ૩૧ (સ્વ. મૌક્તિક) ૬૩
૨ ડાકિની, રાકિની, લાકિની, કાકિની, શાકિની, હાકિની અને યાકિની (પ્રો. હિરાલાલ ર. કાપડીઆ) ૬૭
૩ અંતર્મુખ દૃષ્ટિની ઉપયુક્તતા (શ્રી બાલચંદ હિરાચંદ) ૭૦
૪ તું મને બનાવી જાણે છે, હું તને બનાવી જાણું છું .... .... ૭૨
૫ માનવ જીવનની મોંઘી મુડી એકાગ્રતા .... .... .... ૭૪
૬ વિદ્યાર્થી અને ઈતર વાંચન .... .... .... ....ટા. પેજ ૩


## વિદ્યાર્થી અને ઈતર વાંચન

(ટાઈટલ પેજ ૩ થી શરૂ)

હોય છે. આનું કારણ એની આસપાસનું આજનું હળવું, બિનજવાબદાર અને વિલાસી વાતાવરણ જ છે. વળી એના વાંચનમાંની પાશ્ચાત્ય સંસ્કૃતિ અને પાશ્ચાત્ય જીવનનો ચળકાટ એને આંજી નાખતાં હોય છે. મોટા ભાગના સાહિત્યમાંનું, ચલચિત્રોમાંનું, નાટકો, નવલકથાઓ અને નવલિકાઓમાંનું જાતીયઆકર્ષણ–તેની યુવાવસ્થાને કારણે સવિશેષ–તેને આકર્ષી રહે છે. આ સામે પણ તેને યોગ્ય ચેતવણીના સૂરે સંભળાવતા રહેવાની અને તેને સાચે માર્ગે દોરવાની જરૂર રહે છે.

સૌથી ઉત્તમ અને વ્યાવહારિક માર્ગ તો એ જ છે કે પ્રત્યેક પ્રાદેશિક ભાષામાં તે તે ભાષાના વિદ્વાનોની, કેળવણીકારોની અને અનુભવીઓની એક સમિતિ નીમાય, જે પ્રાથમિક શાળાના બાળકથી માંડીને પ્રૌઢ વયની વ્યક્તિએ પોતાની ભાષાનાં કયા કયા પુસ્તકો અને સામયિકો વાંચવાં એ વિશેનો સ્પષ્ટ નામોલ્લેખ કરતી એક માર્ગદર્શક યાદી પ્રત્યેક વર્ષે બહાર પાડતી રહે.

('નવચેતન'માંથી)


# જૈન રામાયણ

## [ શ્રી ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્ર-પર્વ ૭ મું ભાષાંતર ]

વર્ષોથી આ ગ્રંથની નકલ મળતી નહોતી.

* કલિકાળસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય મહારાજની આ અપૂર્વ કૃતિનો રસાસ્વાદ માણવાનું રખે ચૂકતા.
* બળદેવ રામ, વાસુદેવ લક્ષ્મણ, પ્રતિવાસુદેવ રાવણ, એકવીશમા તીર્થંકર શ્રી નમિનાથ ભગવંત, ચક્રવર્તીઓ હરિષેણ તથા જયના મનોમુગ્ધકર ચરિત્ર, ઉપદેશક શૈલી અને રસિક હકીકતોથી પરિપૂર્ણ આ ગ્રંથ અવશ્ય વસાવી લેશો.

મૂલ્ય રૂા. ૪ (પોસ્ટેજ અલગ)

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૪ મું અંક ૯ | અશાડ | વીર સં. ૨૪૯૪ વિક્રમ સં. ૨૦૨૪

## શ્રી વર્દ્ધમાન–મહાવીર

મણકો ૩ જો :: લેખાંક : ૩૨

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

અને ચોકખાઈ રાખવી અને શરીરે પવિત્ર રહેવું તેને તે પોતાનું એક અંગ સમજતા હતા અને શરીરમાં તો અનેક દુર્ગંધ ભરેલી છે તેનો તેમને સંપૂર્ણ ખ્યાલ હોવા છતાં બાહ્ય રીતે શરીર ધર્મસાધન હોવાથી તેને બાહ્યદૃષ્ટિએ પણ પવિત્ર રાખવું જોઇએ એ પોતાની ફરજ સમજતા હતા. તેઓ કદી માંદા તો પડતા જ નહિ અને આ રીતે બહુ રૂષ્ટપુષ્ટ નહીં પણ સારા સુંદર શરીરને મેળવીને રાખવામાં તેઓ ભાગ્યશાળી નીવડ્યા હતા. આવા નીરોગી શરીર મેળવવાને તેઓ ભાગ્યશાળી નીવડ્યા હતા અને અત્યારે તો મરીચિના ભવમાં જે કર્મ ઉપાર્જન કર્યું હતું તે પણ હવે દૂર થયેલું હોવાથી તેઓ શરીરનો સારો પણ સાચો ઉપયોગ કરી લેવા નસીબવંત નીવડી ચૂકયા હતા અને તેથી ધર્મ સાધન કરવામાં તેઓને ઘણી મદદ મળતી હતી અને તેઓશ્રી વખતનો ઉપયોગ સારી રીતે કરી જાણતા હતા અને સામાયિક તથા પૌષધથી પોતાનાં શરીરને સારૂં રાખતા હતા. એ તેઓનો શુભ કર્મનો ઉદય હતો.

### પ્રકરણ ૨૪ મું

**વીરનો ગૃહસ્થાશ્રમ (૯)**

આવા પ્રકારનો પ્રભુ મહાવીર–વર્દ્ધમાનનો ગૃહસ્થાશ્રમ હતો. સત્ય બોલનારને એક સગવડ છે. જેનું એકધારૂં સત્ય જીવન હોય તેને પોતે શું બોલ્યો હતો તે કદી યાદ રાખવું પડતું નથી. જૂઠું બોલનારને તો સાચી વાત સામાને જણાઈ આવશે તેવા નિરંતરના ભયમાં રહેવું પડે છે અને પકડાઈ જવાના ભયમાં પણ રહેવું પડે છે, પણ સાચું બોલનારને આ પ્રકારની તસ્દી જ લેવી પડતી નથી. એને પકડાઇ જવાનો સવાલ જ રહેતો નથી. એને ખાતરી હોય છે કે તે જ્યારે અને જે બોલ્યો હોય તે બરાબર તેવું જ હશે એટલે એને કાંઈ યાદ રાખવું કે યાદ કરવું પડતું નથી, જ્યારે અસત્ય બોલનારને અસત્ય નિભાવવા અનેક અસત્યો બીજાં બોલવાં પડે છે અને અસત્ય પોતે શું અને કયારે બોલ્યા હતા તે યાદ રાખવું પડે છે અને તેનું સ્વરૂપ સન્મુખ રાખવું પડે છે, પણ સીધા સરળ માણસને આવા પ્રકારની કોઈ તસ્દી લેવી પડતી જ નથી, તે તો જે પ્રસંગે જેવી વાત હોય તેવી તેવી સામાને લાભ જોઇ મર્યાદિત ભાષામાં બોલે. વર્દ્ધમાનકુમારને આ પ્રકારની સગવડ હતી અને તેમની વાત બરાબર છે અને યથાતથ્ય છે એવી તેમની પ્રતિષ્ઠા પણ જામી ગઇ હતી તેથી સત્યનો માર્ગ લેવો ઘણો સગવડ ભર્યો હોઇ તેને તેઓ વળગી જ રહ્યા હતા.

અને નિયમ ધારવાનો તેમનો માર્ગ પણ ઘણો સુંદર હતો. આજે અમુક વસ્તુ જ ખાવી છે કે અમુક ચીજો જ પહેરવી છે એને લઇને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓને પોતાની જાત ઉપર સંયમ આવી ગયો હતો અને શક્તિ કદી વેડફાઇ જતી નહોતી. આ અનુકૂળતા તેઓએ પ્રાપ્ત કરી હતી. આ નિયમ ધારવાનો અને તેને પાળવાનો મોટો લાભ છે અને તેને પરિણામે આજીવન તેઓ યોગી રહ્યા. આવી લઘુવયમાં પણ તેઓ શ્રાદ્ધ–શ્રાવકના ગુણોથી વિરાજમાન હતા અને તે ગુણવાળા થવું તે તેઓ માટે સાહજિક હતું તેમજ તેઓ મોટા યોગી ભવિષ્યમાં થવાના હતા જેનો પાયો પણ એમ નખાતો જતો હતો. આ જીવન તો રમત જેવું છે; એ રમત જેને રમતા આવડે તે જીવનનો પૂરતો લાભ ઉઠાવે છે અને તે જીવનનો સાર તેઓ પ્રાપ્ત કરે છે, જ્યારે ઘણા પ્રાણીઓ આ જીવનને વેડફી નાખી સરવાળે નુકસાન કરે છે. એટલા માટે રમત સાથે સરખાવી શકાય એવો આ જીવનનો કોઈ કોઈ લાભ ઉઠાવે છે અને તેઓ સારૂં જીવી ગયા અને જીવનનો સર્વ લાભ લેતા ગયા એવી નામના કરે છે; જ્યારે કેટલાક જીવનને છેડે નુકશાન કરી બેસે છે. તેઓ અનેક દુર્વ્યસનમાં પડી જાય છે અને તેને લઈને અનેક બૂરી ટેવમાં જીવન ગાળે છે અને આવ્યા હોય તેવા અથવા તેથી પણ વધારે ખરાબ થાય છે. અને સરવાળે વધારે નુકસાન કરી પોતાનું જીવન ગાળે છે અને છેવટે આ રમત હારી જાય છે અથવા અનેકભવે તેવી અનુકૂળતાવાળું જીવન મળે નહીં એવી પરિસ્થિતિમાં મૂકાય છે. વર્ધમાન પ્રથમ પ્રકારના જીવ હતા. તેઓ તો નકામી એક ક્ષણ પણ બગાડવી પાલવે નહીં તેવું જીવન જીવનાર હતા અને પોતાના સાંસારિક કાર્ય (ઓફિસ) ઉપરાંતનો સર્વ વખત પોતાનું યોગજીવન બહલાવનાર હોઈ તેની પ્રત્યેક ક્ષણનો લાભ ઉઠાવનાર હતા.

આ લાભ તેમણે કેવી રીતે ઉઠાવ્યો તે આપણે જોયું. તેઓ બાર વ્રતધારી શ્રાવકનું જીવન જીવી રહ્યા હતા અને હવે પછી જોશું કે તેઓમાં શ્રાવકના સર્વે ગુણો હતા. આ અતિ ઉત્તમ પદ્ધતિ છે. કેટલાક પ્રાણીઓ જીવન જીવી જાણે છે અને તેની પ્રત્યેક ક્ષણનો ઉપયોગ સારે માર્ગે જ કરે છે. તેઓ નકામી વાતો કરવામાં સમય ગાળતા નથી. કોઈની ચાડી ચૂગલી કરતા નથી અને કોઇને માથે પૂરી તપાસ કર્યા વગર આળ ચઢાવતા નથી. તેઓને તો સર્વ પ્રાણી સાથે એટલો સદ્ભાવ હોય છે કે તેઓ વાતો કર્યા વગર પણ સર્વનો ચાહ મેળવી શકે છે અને પોતે શ્રાદ્ધ તરીકેના વહેવારૂ જીવનનો લાભ ઉઠાવે છે અને ગુણ-પ્રાપ્તિમાં ધીમે ધીમે પણ ઉત્તરોત્તર વધતા જ જાય છે અને અંતે શ્રમણપણું પ્રાપ્ત કરી જીવનનો સાર ખેંચી કાઢી મુક્તિના સુખને વરે છે, અને સર્વકર્મથી મુક્ત થાય છે. તેઓનું જોયું બાહ્ય નજરે બહુ સામાન્ય લાગે છે, પણ તે કર્તવ્યથી ભરપૂર હોય છે, છતાં ધાવ માતા જેમ બાળકને ખેલાવે અને તે છતાં બાળકને પોતાનું માનતી નથી, તેમ આ શરીરનો લાભ ઉઠાવે છતાં કદી તેમાં આસક્ત થતા નથી અને કદી તેને પોતાનું માનતા નથી. તેઓનાં રાગ, દ્વેષ, કે ક્રોધાદિ ચારે કષાયો જોયાં હોય તો ઘણાં પાતળાં હોય છે. તેઓ કદી કોઈના ઉપર ગુસ્સે થતા નથી, કોઈ વસ્તુ તરફ ગુસ્સે થતા નથી અને પોતાનાં આવડત, શૌર્ય કે બુદ્ધિનું અભિમાન ધારણ કરતા નથી અને તેઓ એકને કાંઈ વાત કરવી, બીજાને બીજું સમજાવવું–એવી માયા રચના કરતા જ નથી, પણ જાતે સીધા સરળ રહે છે અને કોઇ વસ્તુ પોતાની થાય તે માટે લોભ રાખતા નથી. તેઓ જો કે સંસારમાં રહે છે, પણ સંસારમાં રહીને પણ ત્યાગભાવનું જીવન જીવે છે અને લોકોને આદર્શભૂત અને દાખલો લેવા જેવા થાય છે. આ પ્રકારનું વિશુદ્ધ જીવન વર્ધમાન સંસારમાં રહેવા છતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવી રહ્યા હતા અને તેમની નજર તો સર્વ-સંગ ત્યાગ કરી સાધુજીવન જીવવા ઉપર રહેતી હોય છે. આવું જીવન જીવવાને અંગે વર્ધમાનકુમાર કેવું સુંદર જીવન જીવી ગયા તે આપણે જ્યારે શ્રાવકના ગુણો વિચારશું ત્યારે આપણે હવે પછી જોશું. તેઓ આદર્શ-જીવન જીવતા હતા અને અનેકને તેમનો આદર્શ વધારે પ્રિય થઈ પડ્યો હતો. તેઓ જાણે સંસારથી અળગા હોય તેવી નિષ્કામ અને નિરીચ્છક દશાનો અનુભવ આ શ્રાદ્ધ જીવનમાં પણ જીવી રહ્યા હતા અને મનોવૃત્તિ ઉપર મોટો સંયમ રાખી આદર્શ જીવન વહન કરતા હતા. માતપિતાને આ હકીકત પસંદ હતી અને સંબંધી વર્ગને આ હકીકત ખૂબ અનુકરણીય લાગતી હતી.

તેઓનો વ્યવહાર પ્રિયદર્શના સાથે પણ ઘણો જ મર્યાદિત હતો. જો કે તેઓમાં પ્રેમ હતો પણ સાથે ત્યાગ પણ હતો. અને પ્રિય-દર્શનાને તે વાત પસંદ હતી. તેઓ પ્રિયદર્શ-નાને 'પ્રિયે' કહીને બોલાવતા અને પોતાનાં અનેક ધર્મકૃત્યમાં તેને પોતાની સાથે જોડતા હતા અને પ્રિયદર્શના પણ તેઓની સર્વ હકીકતો બરાબર ઝીલતી હતી. જ્યારે પરિવાર અનુકૂળ હોય છે ત્યારે ધર્મકૃત્યમાં ખૂબ મજા આવે છે. વર્ધમાનકુમાર આ પરિવારની અનુકૂળતાને વખાણતા હતા, જાણતા હતા અને તેની મૂલ્યવત્તા પણ જાણતા હતા અને નંદિવર્ધન સાથે તો તેમનો સ્નેહ ભાઈ-ઓને શોભે તેવો જ હતો. તેઓશ્રી સમજતા હતા કે અનુકૂળ પરિવાર મળવો એ પણ ઘણી જ ઈષ્ટ વાત હતી અને તેથી તેમના ધર્મારાધનમાં ઉત્તેજન મળતું હતું અને પ્રિયજન શું ધારતા હશે એવી તેમને કદી ચિંતા જ થતી નહોતી. તેઓ આથી કદી કોઈનું વાંકું બોલતા નહિ અને સીધે માર્ગે જઈને પોતાના રાજમંદિરે આવી સર્વ સમય સામાયકમાં જ ગાળતા હતા.

અને તેઓ મિત્રો સાથે ગપ્પા મારવામાં માનતા જ નહિ. તેઓને કોઈ મિત્ર જ નહોતા અથવા આપણે અત્યારે જેને મિત્ર કહીએ છીએ તેવા સાંસારિક મિત્ર કરવાની તેમને ફુરસદ જ નહોતી. તેઓ તો ઑફિસના કામ ઉપરાંતનો બાકીનો સમય સામાયક અને પૌષધમાં જ પસાર કરતા હતા અને જો કે તેઓને થોડા બાળ સખાઓ હતા, પણ તેની સાથે ગપ્પાં મારવાનો કે ઉજાણી જવાનો તેમને વખત જ નહોતો. તેથી તેઓને મિત્રો નહોતા અને તેમની સાથે તેમને લપ્પન છપ્પન નહોતી એમ આપણે આગળ જોઈ ગયા છીએ.

સંસારમાં રહી આવી સંસારથી જાણે તદ્દન અલગ દશા પ્રાપ્ત કરવી તે મુશ્કેલ બાબત છે, પણ તેવી દશા પણ પ્રાણી સંસારમાં રહીને પણ પ્રાપ્ત કરી શકે છે એ મહાવીરે પોતાના દાખલાથી બતાવી આપ્યું હતું. બાકી છદ્મસ્થ દશામાં અને ખાસ કરીને ચાલુ સાંસારિક દશામાં આવી પરિસ્થિતિ પ્રાપ્ત કરવી અને યોગીના જીવનની તુલના કરવી એ ઘણી મુશ્કેલ બાબત છે અને તે છતાં તેવી સ્થિતિ શક્ય છે તે તેમણે બતાવ્યું હતું.

આપણે આગળ ઉપર શ્રાવકનાં દ્રવ્યભાવના ગુણો જોશું તે વખતે આપણને જણાશે કે તેઓ આદર્શ શ્રાવક હતા અને પાર્શ્વનાથની પરંપરાને તેઓ સારી રીતે આરાધી માત–પિતા અને વડીલ બંધુને રાજી કરતા હતા. આ સ્થિતિ પ્રાપ્ત કરી તેઓ મનુષ્યજન્મની પ્રાપ્તિનો લહાવો લઈ રહ્યા હતા. અને સંસા-રમાં અનાસક્તિ ભાવે રહી તેનો પૂરતો લાભ ઊઠાવી રહ્યા હતા. આ તેમની મનોદશા અતિ ઉજ્જવળ હતી, પણ તેમની નજરમાં તો યોગી જીવન જ મુખ્યત્વે કરીને હતું અને તેવા જીવન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટેની તેમની તૈયારી હતી અને તેઓ પોતાના સાધુ જીવનની તુલના કરી રહ્યા હતા. તેઓ બોલતા ઓછું, ખાતા સાદુ અને મિત્ર તેઓના ખાસ કોઈ નહોતા અને પોતે શું કરે છે તે કોઇ પાસે ગર્વ ધરીને બોલતા હતા અને આખો વખત પોતે ગર્ભકાળમાં કરેલી પ્રતિજ્ઞાને વળગી રહેવાનો પોતાનો ધર્મ સમજતા હતા.

માત પિતા અને મોટાભાઇ તેમની આ વર્તના જોઈ રાજી થતા અને તેઓ કોઈ જાતની ઘાલમેલ કરતા નથી, રાજકારણમાં પણ તેઓ નકામી ખટપટ કે આડી અવળી વાતો કરતા નહિ અને કોઈને એક વાત કરવી, કોઇને બીજી કરવી અને ચાલુ ઘાલમેલ કરવી, અનેક પ્રકારની ખટપટો કરવી-એમાંની કોઇ વાતને તેઓ સ્વીકારતા નહિ, પણ જેવી હોય તેવી વાત સીધી રીતે તેઓ કરતા. એ હકીકત માત-પિતાને બહુ સારી લાગતી અને તેઓએ આ બાબતના વખાણ પણ વર્ધમાનકુમારને અંગે અનેક સ્થાનકે કર્યા હતા, રાજ્યમાં તો અનેક જાતની ખટપટ થાય, પણ તે સર્વથી વર્ધમાનકુમાર દૂર રહેતા અને તેમની પાસે પણ કોઈ જાતની ખટપટ નહોતી. તેઓનું આ વર્તન પ્રશંસા પામી ચૂક્યું હતું અને કોઇ જાતની ખટપટથી કે ચાલબાજીથી તેઓ દૂર છે તેની વાતો જેમ તેઓ વયમાં વધતા ગયા તેમ દેશપરદેશશાં દાખલો લેવારૂપ થતી ગઇ. તેઓ જનરાજ્યમાં માનતા હતા, પણ રાજ્ય ખટપટથી અલગ હતા અને નૈસર્ગિક રીતે તેઓ સીધું બોલનાર, હિત, મિત અને પ્રિય બોલનારા હતા, પણ જેવી વાત હોય તેવી વખતે મીઠા શબ્દોમાં તેઓ જ્યારે હિત દેખે ત્યારે બોલનારા હતા એવી તેમની આબરૂ જામી ગઇ હતી અને અનેક માણસોને તો આ કોયડો થઈ પડ્યો હતો, પણ તેમણે તે સાચો અને વહેવારૂ કરી બતાવ્યો હતો.

તેઓ વહેવારૂ બાબતમાં બહુ ચોક્કસ હતા અને આખો વખત જે જીવન તેઓને મન આદર્શ હતું તેવા યોગી જીવનની તેઓ ભાવના કરી રહ્યા હોય તેમ દેખાતું હતું. એક જુવાન માણસ માટે આવી સ્થિતિ ઘણી મુશ્કેલ છે, પણ તે વખતે તો જાણે તેમને ફરવાનો, ખાવાનો, રખડવાનો કે કોઈ જાતનો શોખ જ નહિ તેવું સાદુ જીવન તેઓ જીવી એક નૂતન પ્રકારનો જ દાખલો પાડી રહ્યા હતા તે વાતની મુશ્કેલી પણ તેઓ સમજતા હતા, પણ એ વાત તેઓને મન તો તદ્દન કુદરતી લાગતી હતી અને તેને તેઓ જીવી રહ્યા હતા, એટલું જ નહિ પણ તેમને તેમાં જ એવા જ જીવનમાં રસ પડતો હતો. તેઓ અણુવ્રત પાળતા હતા, પણ મહાવ્રત કેમ પળાય તેની તુલના કરી રહ્યા હતા અને મહાવ્રત પાળવામાં પોતાને ખરી મજા આવશે એમ બતાવી રહ્યા હતા. તેઓ પોતાનો આદર્શ બરાબર સમજતા હતા અને આદર્શને અનુરૂપ પોતાનો કાર્યક્રમ ગોઠવતા રહ્યા હતા. તેમના આ કાર્યમાં પ્રિયદર્શનાની મદદ તેઓને બહુ ઉપયોગી નીવડી હતી. જ્યારે પરિવારની અનુકૂળતા હોય છે ત્યારે પ્રાણીના પ્રયાસો બેવડા જોરથી કામ કરે છે અને ઇષ્ટ પરિણામ તેઓ જરૂર અતે પ્રાપ્ત કરશે અને આદર્શને સિદ્ધ કરશે એમ જણાઇ આવતું હતું.

તેમણે શ્રાદ્ધપણું કેવી આદર્શ રીતે પાળ્યું તે આપણે હવે પછી જોશું અને તે ઉપરથી તેઓનું આ આદર્શનું સાહજિકત્વ જણાઇ આવતું હતું એ ખાસ નોંધવા જેવું છે. આપણે એ આદર્શ હવે એ ધર્મરત્નને યોગ્ય થયો છે એની નિશાની તરીકે એકવીશ વસ્તુ તો તે શ્રાદ્ધમાં હોવી જોઇએ. વર્ધમાનમાં તે ગુણો કેવા પ્રકારના હતા તે હવે આપણે જોઇએ અને તે પરથી શ્રાવક તરીકે છદ્મસ્થાવસ્થામાં તેમણે શું કામ કર્યું તે સમજવાનો આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ડાકિની, રાકિની, લાકિની, કાકિની, શાકિની, હાકિની અને યાકિની

( લેખક : પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ. )

જૈન દર્શનમાં જીવોના–સચેતન પદાર્થોના બે વર્ગ પડાયા છે :–(૧) સંસારી અને (૨) મુક્ત કિંવા સિદ્ધ. સંસારી જીવોની ઇન્દ્રિયોની સંખ્યાને લક્ષ્યમાં રાખી એ જીવોના પાંચ ઉપવર્ગો ગણાવાયા છે. આ પૈકી એકનું નામ ‘ પંચેન્દ્રિય ’ છે. પંચેન્દ્રિય જીવોના પાંચ પ્રકારો છે :–(૧) દેવો, (૨) મનુષ્યો, (૩) નારકો અને (૪) તિર્યંચો. દેવોના ચાર ઉપ-પ્રકારો છે :–(૧) ભવનપતિ, (૨) વ્યંતર, (૩) જ્યોતિષ્ક અને (૪) વૈમાનિક. ‘દેવો’થી દેવીઓ પણ અભિપ્રેત છે. ૧૬ વિદ્યાદેવીઓ, ૨૪ શાસન-દેવો, ૨૪ શાસનદેવીઓ, ૬૪ યોગિનીઓ અને બાવન વીરો વિષે તો ઠીક ઠીક પ્રમાણમાં વિગતો મળે છે, પરંતુ આ લેખના શીર્ષકમાં જે ડાકિનીથી માંડીને યાકિની સુધીની સાતે દેવીઓ વિષે પૂરતી–વિશિષ્ટ તેમ જ વિસ્તૃત માહિતી કોઇ જૈન કૃતિમાં હોય તો તે જોવા જાણવામાં નથી.

ચાળીસેક વર્ષ ઉપર ઋષિમંડલસ્તોત્રમાં આ સાતે દેવીઓનાં નામો વાંચતાં એ સંબંધમાં વિશેષ જાણવાની મને ઇચ્છા થઇ હતી. ચારેક વર્ષ ઉપર પ્રસંગોપાત મુંબઇમાં શ્રી અમૃતલાલ દોશીને મળવાનું થતાં મેં આ દેવીઓનાં સ્વરૂપાદિ વિષે એમને પૂછ્યું તો એમણે મને સર જોન વુડરોફ ઉર્ફે આર્થર એવેલોન નામના એક અભારતીય વિદ્વાને રચેલું Serpent Power જેવા નામનું એક પુસ્તક બતાવ્યાનું યાદ આવે છે. એ પુસ્તક આજ દિન સુધી ફરીથી મારા જોવામાં આવ્યું નથી. કદાચ એ અહીં સુરતમાં કોઇ પાસે હશે. ગમે તેમ પણ આ જોવા મળે તે દરમ્યાનમાં ઉપર્યુક્ત દેવીઓ વિષે જે કેટલાક જૈન ઉલ્લેખો મેં એકત્રિત કર્યા છે તે આ લેખમાં રજૂ કરું છું. અને એવા બીજા પ્રાચીન ઉલ્લેખો હોય તો તે મને લખી જણાવવા તજજ્ઞોને સાદર વિજ્ઞપ્તિ કરું છું. સાથે સાથે અજૈન ગ્રન્થોનો પણ નિર્દેશ કરાય એમ હું ઇચ્છું છું. એ બધી સામગ્રી એકત્રિત કરી ડાકિની વગેરે સાતે દેવીઓના ચિત્રો સહિત એક પુસ્તક ગુજરાતી કે હિન્દીમાં રચાય અને પ્રસિદ્ધ થાય તો મારા જેવાને ઘણું નવું જાણવા મળે.

‘ ડાકિની ’ એ સંસ્કૃત ભાષાનો શબ્દ છે. એને માટેનો પાઇય ( પ્રાકૃત ) શબ્દ ‘ ડાઇણી ’ છે. પાઇયસદ્દમહણ્ણવમાં આ વિષે નીચે મુજબ ઉલ્લેખ છે :—

“ डाइणी स्त्री [ डाकिनी ] १ डाकिन, डायन, चुडेल, प्रेतिनी; २ जंतरमंतर जानने वाली स्त्री; ( पण्ह पृ. १, ३; सुपा ५०५, स० ३०७; महा ). ”

આમ અહીં ડાઇણી ( સં. ડાકિની )ના બે અર્થ અપાયા છે. સાથે સાથે નિમ્નલિખિત કૃતિઓનો પણ નિર્દેશ છે :—

પણ્હાવાગરણ ( પ્રશ્ન વ્યાકરણ ), સુપાસનાહ ચરિય, સમરાઇચ્ચકહા અને ‘ આઉસ્ત્રે વ્યાલ્તે–એરસ્યાસંગન્ ઇન્ મહારાષ્ટ્રી ’.

શ્રી વર્દ્ધમાન–મહાવીર ( અનુસંધાન પેજ ૪ થી શરૂ )

પ્રસંગ હાથ ધરી લઇએ. તીર્થંકરો તો કલ્પનાતીત છે, તેઓને દાખલા તરીકે અનુસરવાના નથી, છતાં તેમને લગતી સર્વ બાબત હાથમાં ધરી તેનું અનુકરણ કરવી અને બને તેટલું તેમનું અનુસરણ કરવાની પ્રત્યેક જૈનની ફરજ છે. ( ક્રમશઃ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનદેવસૂરિએ લઘુશાન્તિસ્તોત્ર રચ્યું છે. એ સૂરિ વિ. સં. ૨૬૧માં સ્વર્ગે સંચર્યા હોવાનો **જૈન તીર્થ સર્વ સંગ્રહ** ( ભા. ૨, પૃ. ૩૫૦ )માં ઉલ્લેખ છે. એઓ મહાવીરસ્વામીની ૧૯મી પાટે અર્થાત્ વીરનિર્વાણની સાતમી શતાબ્દીમાં થયાનું પણ જાણવા મળે છે. આ હિસાબે આ સ્તોત્ર ઘણું પ્રાચીન ગણાય. આના નિમ્નલિખિત પાંચમા પદ્યમાં ભૂત અને પિશાચની સાથે સાથે 'શાકિની'નો પણ ઉલ્લેખ છે :—

"सर्व दुरितौघनाशनकराय सर्वाशिवप्रशमनाय ।
दुष्टग्रहभूतपिशाचशाकिनीनां प्रमथनाय ॥ ५ ॥"

પ્રસ્તુત સ્તોત્રમાં ૧૯ નામ મંત્રો છે. તેમાંનો અંતિમ નીચે મુજબ છે :—

"ॐ दुष्टग्रहभूतपिशाचशाकिनीनांप्रमथनाय शान्तिजिनाय नमो नमः"

ઉપર્યુક્ત માનદેવસૂરિએ આ સ્તોત્ર ( શ્લો. ૧૬ )માં કહ્યું છે કે પૂર્વ સૂરિએ દર્શાવેલ મંત્રપદને મેં અત્ર સ્થાન આપ્યું છે. આથી એવી સંભાવના થઈ શકે કે 'શાકિની'ના નિર્દેશવાળો મંત્ર પૂર્વ સૂરિએ દર્શાવ્યો હશે. જો એમ જ હોય તો 'શાકિની'નો ઉલ્લેખ વિક્રમની પહેલી નહિ તો બીજી સદીના જેટલો તો પ્રાચીન ગણાય. 'શાકિની' માટેનો પાઇય શબ્દ 'સાઇણી' છે પરંતુ આ શબ્દ પા૦ સ૦ મ૦માં તો નથી.

ઉપર્યુક્ત લઘુશાન્તિસ્તોત્રના ઉપર ચાર ટીકા, એક વૃત્તિ અને એક અવચૂરિ છે. એમાં હર્ષકીર્તિસૂરિએ વિ. સં. ૧૬૨૮ માં રચેલી ટીકા સૌથી પ્રાચીન જણાય છે. મારી સામે અત્યારે એક પણ ટીકા કે વૃત્તિ કે અવચૂરિ નથી. પરંતુ ગુણવિજયે વિ. સં. ૧૬૫૮માં રચેલી ટીકામાંનો નિમ્નલિખિત પાઠ છે :—

"शाकिन्यश्च दुष्टमन्त्रस्मरणवत्यः स्त्रियः"

આ ઉપરથી જાણી શકાય છે કે દુષ્ટ મંત્રનું સ્મરણ કરનારી માનવી સ્ત્રીઓને પણ 'શાકિની' કહે છે.

ઉપર નોંધેલાં વિવરણોમાં શાકિનીનું દેવી તરીકે નિરૂપણ છે કે નહિ અને હોય તો શું છે તે એ વિવરણો જોયા બાદ કહી શકાય.

'રુદ્રપલ્લીય' ગચ્છના દેવપ્રભાચાર્યના ભક્ત ( ? શિષ્ય ) કમલપ્રભસૂરિએ જિનપંજરસ્તોત્ર રચ્યું છે. એના ૨૧ મા પદ્યમાં ડાકિની તથા શાકિની એમ બેનો ઉલ્લેખ છે. આ રહ્યું એ પદ્ય :—

"डाकिनी शाकिनी ग्रस्ते महाग्रहगणार्दिते ।
नद्युत्तारेऽध्ववैषम्ये व्यसने चापदि स्मरेत् ॥२१॥"

આ કમલપ્રભસૂરિ ક્યારે થયા તે જાણવું બાકી રહે છે. ગમે તેમ પણ એઓ 'રુદ્રપલ્લીય' ગચ્છના હોઈ એઓ બારમા સૈકા પહેલાં તો થયા નથી જ, કેમકે આ ગચ્છ વિ. સં. ૧૨૦૪માં નીકળ્યો છે.

આ તો ડાકિની અને [1]શાકિની એમ બે જ દેવીઓની વાત થઇ. સાતે દેવીનો ઉલ્લેખ અને તે પણ એ તમામના પૂરા નામવાળો ઉલ્લેખ આપણને **ઋષિમંડલસ્તોત્ર**માં નીચે મુજબના ક્રમે જોવા મળે છે:—

(૧) ડાકિની (૨) રાકિની (૩) લાકિની (૪) કાકિની (૫) શાકિની (૬) હાકિની અને (૭) યાકિની.

**ઋષિમંડલસ્તોત્ર** સંસ્કૃતમાં રચાયેલું છે. એનાં પદ્યોની સંખ્યા સુનિશ્ચિત નથી. એ વિક્રમની ચૌદમી સદી જેટલું તો પ્રાચીન છે જ. એના નિમ્નલિખિત પદ્યો અત્ર પ્રસ્તુત છે:—

---

૧ માણિક્યસુન્દરે **શાકિની** ચરિત્રને અંગે પૃષ્ટકથા રચી છે તો એ શાકિની તે કોણ તે જાણવું બાકી રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"देवदेवस्य यच्चक्रं तस्य चक्रस्य या विभा ।
तयाऽऽच्छादितसर्वाङ्गं
मा मां हिनस्तु डाकिनी ॥२८॥"

૨૯માથી ૩૪મા સુધીનાં છ યે પદ્યોમાં "देवदेव"થી માંડીને "हिनस्तु" સુધીના સમાન પાઠો છે. ફેર ફક્ત ડાકિનીને બદલે શાકિની ઇત્યાદિ નામો અપાયાં છે તે પૂરતો છે. આ **ઋષિમંડલસ્તોત્ર** ઉપર કોઇ પ્રાચીન વૃત્તિ હોય એમ જણાતું નથી. આ સ્તોત્રનો ગુજરાતી અનુવાદ થયેલો છે પણ એ મારી સામે નથી. એમાં સાતે દેવી વિષે મહત્ત્વની માહિતી અપાઈ હોય તો ના નહિ.

આ તો સંભવિત વાત થઈ. સાતે દેવીનાં સંક્ષિપ્ત નામો 'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ **સિદ્ધહેમચન્દ્ર**ના આદ્ય સૂત્ર ઉપરના **શબ્દમહાર્ણવ**માં આપ્યાં છે. પ્રસ્તુત પંક્તિ નીચે પ્રમાણે છે:—

"मन्त्रकल्पे...यथा 'अ–सि–आ–उ–सा' इति बीजपञ्चकं पञ्चानामर्हदादीनाम्, 'ड–र–ल–क–श–ह–य'–मिति आधारादिसप्तदेवीनाम्"

અહીં ડાકિનીથી શરૂ કરીને યાકિની સુધીની સાતે દેવીઓનાં નામોનો પહેલો પહેલો અક્ષર અપાયો છે. આ સાત દેવીઓના પરિચયરૂપે એ આધાર વગેરેને લગતી હોવાનું કહ્યું છે:—

ઉપર્યુક્ત અવતરણ **નમસ્કાર સ્વાધ્યાય** (સંસ્કૃત વિભાગ)ના પૃ. ૨૯માં અપાયું છે. એના ગુજરાતી અનુવાદમાં 'દેહગત મૂલાધાર વગેરે ચક્રોની દેવીઓ' એમ કહ્યું છે.

આથી એ જાણવું બાકી રહે છે કે દેહગત ચક્રો તે કયાં, કેટલાં અને એ દરેકનું નામ શું છે? આશા છે કે આ બાબત ઉપર આ વિષયના નિષ્ણાતો સપ્રમાણ પ્રકાશ પાડશે. સાથે સાથે એ પણ વિચારાવું જોઇએ કે **ઋષિમંડલસ્તોત્ર** (શ્લો. ૨૮–૩૪) ઉપરથી નિમ્નલિખિત બે બાબતો તારવી શકાય છે, તેનો આધારાદિ ચક્રોની દેવીઓ તરીકેના નિર્દેશ સાથે કેવી રીતે મેળ મળે છે?

(૧) ડાકિની વગેરે સાતે હિંસક છે, હેરાન કરનારી છે

(૨) દેવાધિદેવના ચક્રથી આચ્છાદિત દેહવાળાને એ કશી હાનિ પહોંચાડી શકતી નથી.

આ પ્રમાણેના જૈન ઉલ્લેખો જે કંઇ સમય અને સાધન અનુસાર હું એકત્રિત કરી શક્યો તે મેં દર્શાવ્યા છે. એમાં એ ઉમેરીશ કે જાઈણી (સં. યાકિની)નો પા.સ.મ માં સમભાવ ભાવી હરિભદ્રસૂરિની ધર્મમાતાનું આ નામ છે એવો એક જ અર્થ અપાયો છે.

અજૈન ગ્રન્થોમાં **ભગવદ્ગોમંડલ** જોવું ઘટે. **સાર્થ** ગુજરાતી **જોડણી** કોશમાંથી નીચે મુજબની માહિતી મળે છે:—

'ડાકિની' સંસ્કૃત શબ્દ માટે ગુજરાતીમાં 'ડાકણ' અને 'ડાકણી' એમ બે શબ્દો છે ડાકણના ચાર અર્થ થાય છે. (૧) એક જાતની ભૂતડી, (૨) મેલી વિદ્યા જાણનારી સ્ત્રી, (૩) જેની નજર લાગે એવી સ્ત્રી અને (૪) ગાજરનું ડીંટું અને અંદરનો કઠણ રેસો. આ પૈકી છેલ્લો અર્થ તો અત્ર અપ્રસ્તુત જ છે.

'ડાકણી'નો 'ડાકણ, પિશાચિની' અર્થ અપાયેલો છે.

આ જોડણીકોશમાં 'ચુડેલ'નો અર્થ 'ડાકણ' કરાયો છે.

અંગ્રેજીમાં 'witch' શબ્દ છે. એના વિવિધ અર્થ કરાય છે: (૧) ડાકણ, કિંવા ચુડેલ, (૨) જાદુ કરનારી અને (૩) વંતરી. પ્રથમ અર્થ જ અત્ર વધુ સંગત જણાય છે.

"મંછા ભૂત અને શંકા ડાકણ" જેવી લોકોક્તિમાં 'ડાકણ' શબ્દનો પ્રયોગ જોવાય છે.

ડાકણને ભૂત કે પિશાચ જાતિની કેટલાક ગણે છે તે તેમ જ ડાકણ એટલે ચુડેલ એમ કેટલાક કહે છે તો એ શું સમુચિત છે? ગમે તેમ પણ ડાકણ વગેરે સાતે દેવીઓ 'વ્યંતર' જાતિની હશે એમ અત્યારે તો હું માનું છું. ■

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અંતર્મુખ દૃષ્ટીની ઉપયુક્તતા

લેખક : સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ માલેગામ

આપણી દૃષ્ટિ બહારની જ વસ્તુ જોઈ શકે છે. સામે જણાતા પદાર્થનું પ્રતિબિંબ આપણી દૃષ્ટી આગળ ખડુ થાય છે. આપણામાં આસપાસ કે પીઠ પાછળ જોવાની શક્તિ નથી એ ટેવને લીધે જ આપણાથી પર એવા બીજાના દોષો જોવાની આપણને હમેશ ઈચ્છા થાય છે. પરિણામ એ આવે છે કે, કોઈ પણ ઘટના બની જાય છે ત્યારે તેમાં રહેલી ખામી અગર તેમાં રહેલા દોષો આપણે બીજા ઉપર ઢોળવા પ્રયત્ન કરીએ છીએ. અને બીજા ઉપર ક્રોધ કરીએ છીએ. આપણે પોતે પૂર્ણ નિર્દોષ જ છીએ એવી ભાવના રાખવાને આપણે લલચાઇએ છીએ. એવી ટેવ પડી જવાને લીધે આપણી અંતર્મુખ દૃષ્ટિ લુપ્ત જ થઈ જાય છે. અને આપણે પોતે દેહ નહીં પણ આત્મા છીએ એ ભાવના આપણામાંથી લગભગ નષ્ટપ્રાય થઇ જાય છે. માટે અંતર્મુખ દૃષ્ટિ એ શું છે એનો આપણે વિચાર કરવાની જરૂર છે. જેવી રીતે અનિષ્ટ વસ્તુની ઘટનાનો દોષ બીજા ઉપર નાખવા આપણે મથીએ છીએ તેવી જ રીતે ઈષ્ટ અને મનગમતી ઘટનાનું શ્રેય પોતાનું જ છે અવું માનવા અને મનાવવા આપણે પ્રયત્ન કરતા રહીએ છીએ. આ બધું બાહ્ય દૃષ્ટિ કેળવવાનું પરિણામ હોય છે. અને એવી ટેવને લીધે આપણો પોતાનો સુધારો આપણે રૂંધી નાખીએ છીએ. આપણા પોતાના દોષો નહીં જોવાને લીધે અને ખોટો અહંભાવ કેળવવાને લીધે આપણી પોતાની ઉન્નતિ અટકી પડે છે. આપણો દોષ જ નથી એવી ખોટી ભાવનાને વશ થવાની ટેવને લીધે આપણા સાચા દોષો પણ આપણને ગુણ રૂપ ભાસે છે. અને દોષજ ન જણાય ત્યારે તે દૂર કરવાનો આપણે પ્રયત્ન પણ શા માટે કરવાની વૃત્તિ જાગે! તેમજ આપણામાં નહીંવત્ અગર અભાવરૂપે રહેલા ગુણો તરફ જયારે આપણે અહંભાવની દૃષ્ટીથી જોતા હોઇએ ત્યારે આપણે નવા સદ્ગુણો મેળવવાની વૃત્તિ પણ શી રીતે જાગે! એકાંત બાહ્ય દૃષ્ટિ કેળવવામાં કેવા દોષો ઉત્પન્ન થાય છે, અને ગુણો ગ્રહણ કરવામાં કેવો અવરોધ નખાય છે એ આપણા ધ્યાનમાં આવવાની ઘણી જરૂર છે. આપણે સાચા ગુણોનું ગૌરવ કહીએ ત્યારે જ તે ગુણો આપણામાં પ્રગટ કરવા માટે આપણે પ્રયત્ન કરી શકીએ. અન્યથા આપણામાં સદ્ગુણો પ્રગટ થવાનો સંભવ જ રહેવાનો નથી.

બહારના પદાર્થો જોવાની શક્તિ આપણી આંખોમાં છે તેવી જ રીતે આપણામાં રહેલ અંતર્ગત ગુણો કે અવગુણો જોવાની પણ આપણામાં શક્તિ છે જ. જેમ આપણને ચર્મચક્ષુઓ છે તેમ અંતરચક્ષુઓ પણ હોય છે. જયારે બાહ્ય ચક્ષુઓ બંધ કરી દઇએ ત્યારે જ આપણા અંતરચક્ષુઓ ઉઘડે છે. એકી સાથે બન્ને જાતના ચક્ષુઓ કામ કરી ન શકે. એકનું કાર્ય બંધ થાય ત્યારે જ બીજાનું કાર્ય શરૂ થાય છે. એટલા માટે જ સામાયક, પ્રતિક્રમણ આદિ અનુષ્ઠાનો એકાંતમાં જ કરવાનું ઈષ્ટ ગણવામાં આવ્યુ છે. એકાંત જગ્યા, બીજી ઘટનાઓ કે ગમનાગમન આપણી સામે ન જ થાય એવો પ્રદેશ શોધવાનું ઇષ્ટ ગણવામાં આવે છે. પ્રતિક્રમણમાં માનવના હાથે જેટલા દોષો થવાનો સંભવ છે તે બધાઓનો ઉચ્ચાર કરી જવામાં આવે છે. તેમજ તેવા કોઇ દોષો આપણા હાથે થઈ ગયા હોય તેના માટે ક્ષમા માગવામાં અને કરવામાં આવે છે. આ બધી ક્રિયામાં અંતર્મુખ દૃષ્ટિ કેળવવાનો ઉદ્દેશ હોય છે. પરંતુ તેનો સાચો ઉદ્દેશ આપણે સફળ



For Private And Personal Use Only

કરીએ છીએ શું ? દિવસમાં કે રાત્રીમાં આપણા હાથે એમાંથી કોઇ અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર કે અનાચાર થઈ ગયો હોય તેની વેદના આપણા અંતરંગ દૃષ્ટિની કક્ષા સુધી પહોંચી ગઈ છે શું ? થએલી ભૂલ માટે આપણને સાચો પશ્ચાત્તાપ થયો છે શું ? એનો આપણે વિચાર સરખો પણ કરતા હોઈએ તો જ તે સાચી ક્રિયા ગણાય. જે ભૂલ આપણા હાથે થઈ ગએલ હોય તે અંતર્મુખ દૃષ્ટિ આગળ ધરી આપણા અંતઃકરણને ડંખવી જોઇએ ત્યારે જ તે દોષ પરત્વે આપણે પ્રતિક્રમણ કરેલું કહેવાય. અન્યથા ટેવ પડી ગએલાની પેઠે मनस्यन्यत् वचस्यतत् कार्यमन्यत् એટલે મનમાં એક વિચાર, વચનથી બોલવામાં બીજી વાત હોય અને પ્રત્યક્ષ આચરણ ત્રીજુ જ હોય એવી આપણી સ્થિતિ થઈ જવાની. ત્યારે આપણે દરેક ઘટના ફક્ત બહારની દૃષ્ટિથી નહીં જોતા લાંબો વિચાર કરવા માટે જરા થોભી જવું જોઇએ. આપણો પોતાનો એમાં કેટલો દોષ કે ગુણ છે એનો બરાબર તોલ કરી લેવો જોઇએ. આમ કરવાથી આપણે પોતાના દોષોનું દર્શન થતા આપણા આત્માની શુદ્ધતા થતી જશે અને માનવજન્મ પામવાનું તેમજ સાચો ધર્મ પામવાનું સાર્થક થશે.

દરેક સારા કાર્ય માટે પોતાનું જ શ્રેય ગણવું એ વિનાકારણે કેળવેલો અહંકાર છે. આપણે કાર્યમાં સફળતા મેળવેલી હોય એમાં આપણા પૂર્વાર્જિત પુણ્યનો ફાળો હોય છે તેમ જ દેવગુરુની અને ધર્મની કૃપા એ પણ મોટો ભાગ ભજવે છે એ વસ્તુ ભૂલી શકાય નહીં. એવા સફળ ઉત્તમ કાર્ય માટે સંતોષ માની શકાય પણ તેનું સાચુ કાર્ય આપણા જ ફાળે જમે કરવું એ નરી અહંકારવૃત્તી જ છે. અને તેને લીધે આપણે વિના કારણે દોષો નિર્માણ કરી નવા અશુભ કર્મો ઉપાર્જન કરીએ છીએ. એ માટે જ બાહ્યદૃષ્ટિ એકલી ઉપર આધાર નહીં રાખતા અંતરંગ તપાસી અંતર્મુખ દૃષ્ટિથી જોતા શીખવું જોઇએ.

ઉપર જણાવેલ કારણ માટે જ નિદ્રાધીન થતા પેહેલા આપણે પોતાની અંતર્દૃષ્ટિ ખુલી કરી પોતાના મનની સાથે આખા દિવસના પોતાના કાર્યની સમાલોચના કરી લેવી જોઇએ. પોતાના હાથે થએલ ભૂલોનો એકરાર જાહેર રીતે બધાની સમક્ષ કરનારા તો કોઇ વિરલ સંત પુરૂષો જ હોય ! કારણ તે માટે અસાધારણ આત્મશક્તિની આવશ્યકતા છે. પણ સામાન્ય રીતે નિત્ય રાતના પોતાના બધા કાર્યોની સમાલોચના આપણા મનસાથે અંતર્દૃષ્ટિ કેળવી કરવી એ આપણી ફરજ છે. આમ કરવાથી થએલ દોષોથી થતા કર્મબંધો નબળા પડી જાય છે. અને મનની ભાવનાઓ સરળ અને મૃદુ થતા આપણા હાથે કર્મબંધનો થતા અટકી જાય છે. માટે અંતર્મુખ દૃષ્ટિ કેળવવા માટે આપણે પ્રયત્ન કરવાની ઘણી જરૂર છે. સારા કાર્યોનું શ્રેય દેવગુરુનું જ અંતઃકરણપૂર્વક માનતા શીખવાથી આપણામાં નિરહંકાર વૃત્તિ જાગે છે અને નમ્રતા, વિનય એ ગુણોના પ્રાદુર્ભાવ વધે છે. અને વિનય તો બધા સદ્ગુણો આવવાનું દ્વાર છે. માટે અંતર્મુખ દૃષ્ટિ હમેશ કેળવવાનો પ્રયત્ન કરવો જોઇએ.

કોઈ મનુષ્ય આપણો અપરાધ કરે અને દેખીતી રીતે એમ કરવા માટે આપણે એને કાંઈપણ કારણ પુરૂ પાડેલુ નહીં હોય ત્યારે આપણા ક્રોધની માત્રા કાંઈક વધી જાય છે. અને આપણે એનો તિરસ્કાર કરી બદલો લેવાનો પ્રયત્ન કરીએ છીએ. એવા પ્રસંગે અંતર્મુખ દૃષ્ટિની ખાસ આવશ્યતા ઉત્પન્ન થાય છે. આપણો બીજો કોઈ અપરાધ ન કરે અને અમુક માણસ જ તેમ કરવા પ્રેરાય એ વસ્તુ બનવામાં દેખીતું કોઈ કારણ ભલે ન હોય પણ સામાના મનમાં એ જાતની વિકૃતિ ઉત્પન્ન થવા માટે આપણી સ્થૂલ દૃષ્ટિથી પર એવું કોઇ સબળ કારણ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'તું મને બનાવી જાણે છે, હું તને બનાવી જાણું છું'

( નવચેતન જુલાઈ '૬૭ માંથી )

પ્રભુ ! અનાદિ કાળથી જગત કહેતું આવ્યું છે કે "માણસને પ્રભુએ બનાવ્યો છે." આટઆટલા યુગોથી કરોડો ને અબજો માનવીઓ આ વાત કહેતા આવ્યા છે એટલે હું એ માની લઉં છું. બાકી જો તું સાચું પૂછે તો આ એકવીસમી સદીમાં તો માણસો જ તને બનાવે છે !

દૂર ક્યાં જાય છે, ઈશ્વર ! મારો જ દાખલો લે લોકો મને ભક્ત અને દાનવીર માને છે, એકાદ મહાન વ્યક્તિ માને છે. જગતમાં જન્મીને મેં મારું જીવન સાર્થક કર્યું છે એમ માને છે. આ બધું મેં દુનિયાને અને તને બનાવવાની અદ્દભુત કલાથી જ હાંસલ કર્યું છે કેવી સીફતથી હું દુનિયાની આંખમાં ધૂળ નાખી શકું છું તે જોવા માટે તારે આંખ હોય તો તું જોઈ લે.

દુનિયા આખી ઉપર ઉપરથી "પ્રભુ ! પ્રભુ !" કરે છે એટલે હું યે તને માનવાનો ને પૂજવાનો દેખાવ કરું છું. દુનિયાને સંતોષવા માટે ને ઠગવા માટે બાહ્ય દેખાવ પૂરતો મેં તને મારો પ્રભુ બનાવ્યો છે. બાકી મારો અંતરનો ને મારો સાચો પ્રભુ તો બીજો જ છે. એ પ્રભુનું નામ છે "પૈસો". અને એ પ્રભુ તો મારા ગજવામાં જ છે ! એ તો તારાથી ક્યાંય મોટો છે ! મને જે જોઈએ તે એ પૈસો મેળવી આપે છે. દુનિયા આખી આજે એને પૂજતી થઇ ગઈ છે ને સાથે સાથે તને બનાવતી પણ થઈ ગઈ છે. તને પૂજવાનો દેખાવ કરીને પૈસારૂપી પ્રભુને હાંસલ કરવાની કરામતમાં આજે દુનિયા ખૂબ સુન્દર રીતે પ્રગતિને પંથે આગેકૂચ કરી રહી છે.

મૂરખ પ્રભુ ! તને હું ક્યાં ક્યાં ને કેવી કેવી રીતે બનાવું છું તેની તને શી ખબર ? દુનિયા કહે છે કે "પ્રભુની લીલાનો કોઈ પાર પામી શકતું નથી !" સાચી વાત તો એ છે કે તારા બનાવેલા માનવીની લીલાનો પાર કોઇ પામી શકતું નથી–તું પણ નહિ !

તું તો હવે "આઉટ ઓફ ડેટ"–જરી-પુરાણો–થઈ ગયો છે એટલે તને અમારી "અપ–ટુ–ડેટ" લીલાઓ ક્યાંથી સમજાય ? મારાં ઉજળાં વસ્ત્રો હેઠળ મારી ભયંકર કાળાશને મેં દુનિયાથી ને તારાથી કેવી ચાલાકીથી છુપાવી રાખી છે ? હું કાળા બજારો કરું છું. વ્યભિચાર કરું છું. આડે હાથે પૈસો મેળવું

---

અંતર્મુખ દૃષ્ટિની ઉપયુક્તતા ( અનુસંધા પેજ ૭૧ થી શરૂ )

હોવું જોઇએ. અને આપણી સમજમાં જ્યારે તે કારણ આવતું નથી ત્યારે તે કારણ જ નથી એમ વિશ્વ સિદ્ધાંત જોતાં માની શકાય નહીં. દરેક ઘટના પાછળ દૃષ્ટ કે અદૃષ્ટ કારણ જરૂર કાર્ય કરે જ જાય છે. જ્યારે આ ભવમાં તેવુ કોઈ કારણ આપણા જોવામાં નથી આવતું ત્યારે અન્ય કોઈ જન્મનો એમાં સંબંધ હોવો જ જોઇએ એ સ્પષ્ટ રીતે સિદ્ધ થાય છે. એવો વિચાર કરતા આપણો અપરાધ કરનાર ઉપર આપણને ક્રોધ આવવાને બદલે તેની દયા જ આવવી જોઇએ. આમ અંતર્દૃષ્ટિ કેળવવાથી આગળના ઘણા અનિષ્ટો ટળી જવાનો સંભવ છે. એટલા માટે જ અમો ભારપૂર્વક કહીએ છીએ કે એકાંત બાહ્ય દૃષ્ટિના ભરૂસે નહીં રહેતા અંતર્મુખ દૃષ્ટિ તરફ હંમેશ લક્ષ કેંદ્રિત કરવું જોઈએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છું અને અનેકનાં ગળાં સીફતથી રહેંસી નાખું છું. પણ દુનિયા એ બધું ભૂલી ગઈ છે, કેમ કે મેં તારું મંદિર બંધાવ્યું છે ને હું ધર્મિષ્ઠમાં ખપું છું. લોકો મને આદર્શ માનવી ને આદર્શ ધનવાન માને છે. વર્તમાનપત્રો મારી તસ્વીરો છાપે છે ને સરસ્વતીસેવકો મારાં મોંફાટ વખાણ માટે પોતાની ' ભાડૂતી કલમ 'ને વહેતી મૂકે છે. કોઇ યે મને કહેતું નથી કે હું પાપી છું ! સૌ મને પૂજે છે, કેમ કે દંભમાં હું પાવરધો છું ! તારે પણ દંભ શીખવો હોય તો આપણી પાસે આવી જજે ! દુનિયાને બનાવવાની કલામાં હું નિષ્ણાત છું. પછી તને બનાવવો તેમાં તે શી મોટી વાત છે ?

મારા અંતરના કપટભર્યા વિચારો વચ્ચે અને મારા બાહ્ય આચારો વચ્ચે ભલે દક્ષિણ ધ્રુવ અને ઉત્તર ધ્રુવ જેટલું અંતર હોય. દુનિયા એ ક્યાં જોવા જાય છે ? દુનિયાને તો તારા કરતાં ય પ્રબળ બની બેઠેલ અને તને મહાત કરીને જગત પર આધિપત્ય જમાવી બેઠેલ પૈસાના જાદુથી હું એવી તો આંજી નાખું છું. કે ધર્મ, નીતિ, ચારિત્ર્ય, સિદ્ધાંત, સત્‌-અસત્‌-એવી બધી વાતો દુનિયા ભૂલી જ જાય છે. ને મને એક મહાન માનવી તરીકે પૂજે છે ! તારે પૂજાવાનો જમાનો હવે ગયો !

આ એકવીસમી સદીમાં દુનિયાને ઠગવી ખૂબ સહેલી છે, કારણ કે જે પોતાની જાતને ઠગે છે તેને બીજાથી ઠગાતાં વાર લાગતી નથી ને આજ તો લગભગ આખી દુનિયા પોતાની જાતને ઠગે છે ! તને ઠગવો એ તો ઇશ્વર ! દુનિયાને ઠગવા કરતાં ય સહેલું છે ! દુનિયાને અને તને આંખે અવળા પાટા બંધાવવા માટે હવે તો ' કલદાર ' જ બસ છે ! એટલે જ મને કવિતાની આ બે લીટીઓ બહુ ગમે છે.

" તારાથી કૈં કૈં વાત પ્રભુ !
કેવો હું છુપાવી જાણું છું ?
તું મને બનાવી જાણે છે,
હું તને બનાવી જાણું છું ! "

—: પ્રસિદ્ધ થઇ ગયું છે. હવે ફક્ત થોડીક જ નકલો સીલીક છે :—

**ચોસઠ પ્રકારી પૂજા—અર્થ અને કથાઓ સહિત**

આ પુસ્તક પ્રસિદ્ધ થતાં જ તેની નકલો ચપોચપ ઉપડી રહી છે. આ જાતનું પ્રકાશન ઘણાં વર્ષો પછી થયેલ છે એટલે આપે આપની નકલ તરત જ મંગાવી લેવી.

આ પુસ્તકમાં શ્રી નવપદજીની ઓળીમાં આઠે દિવસ ભણાવવાની પૂજાઓનો સુંદર અને હૃદયંગમ ભાષામાં **સ્વ. શ્રીયુત કુંવરજી આણંદજી**એ લખેલ અર્થ આપવામાં આવેલ છે જેથી પૂજાનો ભાવ સમજવામાં ઘણી જ સરળતા અને સુગમતા રહે છે. આ પૂજાઓમાં આવતી પચીશ કથાઓ પણ સરળ ભાષામાં આપવામાં આવી છે જેથી પુસ્તકની ઉપયોગિતામાં ઘણો જ વધારો થયો છે. શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા પણ અર્થ સાથે આપવામાં આવી છે.

ક્રાઉન સોળ પેજી આશરે ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂ. ત્રણ રાખવામાં આવેલ છે.

પોસ્ટેજ રૂા. ૧-૦૦ (એક) લખો :-**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માનવજીવનની મોંઘી મૂડી—એકાગ્રતા

( નવચેતન જુલાઇ '૬૭ માંથી )

ક્રિકેટની કોઇ મોટી "ટેસ્ટ મેચ"માં દાવ લેતા કોઈ જાણીતા "બેટ્સમેન"ને તમે બારીકીથી અવલોકયો છે? એ દાવ લેનારે સામેથી દડા ફેંકનારના પ્રત્યેક દડાની ગતિનું અને પ્રકારનું એકાગ્રતાપૂર્વક—અત્યંત એકાગ્રતાપૂર્વક—અવલોકન કરવાનું હોય છે. કેવળ દડાનું જ નહિ, દડો ફેંકનારના વેગનુ, એના શારીરિક હલન–ચલનનું અને એના હાથના વળાંકનું પણ સૂક્ષ્માવલોકન દાવ લેનાર એ ખેલાડીએ કરવાનું હોય છે. એ માટે તેણે અજબ એકાગ્રતા સાધવાની હોય છે—કહો કે પ્રભુ–ધ્યાનમાં નિમગ્ન બનેલો કોઈ યોગી જેટલી એકાગ્રતાપૂર્વક સમાધિ લગાવે એટલી એકાગ્રતા એણે સાધવાની હોય છે. ક્રિકેટની રમતના નિષ્ણાતો કહે છે કે એ એકાગ્રતા જેટલે અંશે ખંડિત થાય એટલે અંશે દાવ લેનાર "આઉટ" થઇ જવાનો સંભવ વધારે. તાત્પર્ય કે "વિકેટ" પાસે ટકી રહેવા માટે એ ખેલાડીએ સતત એકાગ્રતા જાળવવાની હોય છે. એકાગ્રતાની આ ટેવ જેટલે અંશે ખેલાડી કેળવે એટલે અંશે એ રમતમાં પ્રગતિ સાધી શકે.

જેમ ક્રિકેટની રમતમાં તેમ જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં પ્રગતિ સાધવા કાજે એકાગ્રતા આવશ્યક છે. જગતના મહાન ચિન્તકો, વિશ્વના પ્રખર વૈજ્ઞાનિકો, દુનિયાના અગ્રણી રાજપુરુષો, ઉદ્યોગોમાં ક્રાન્તિ લાવનાર મહાન ઉદ્યોગપતિઓ કે સાહિત્ય તેમ જ પુરાતત્ત્વમાં સંશોધન કરનાર ગહન સંશોધકો—એ સૌએ એકાગ્રતા સાધવી જ પડે છે. જગતમાં જેમણે જેમણે મહાન કે ઉલ્લેખનીય કાર્યો કર્યાં છે તે સૌને એકાગ્રતાની આરાધના કરવી જ પડી છે.

એકાગ્રતા એ સિદ્ધિની જનેતા છે. જગતમાં જેઓ સ્થૂળતાની ઝાઝી પરવા કર્યા વિના સૂક્ષ્મતાને વરે છે તેઓ આંતરિક વસ્તુસ્થિતિનાં દર્શન કરી શકે છે શોધકે પણ આંતરિકતાને જ નિહાળવાની અને પારખવાની હોય છે. અને એટલે જ એણે એકાગ્રતા કેળવવાની હોય છે. મોતી મેળવવા જેમ મરજીવો સાગરને તળીયે ડૂબકી મારે તો જ મોતી પામી શકે તેમ તમે પણ મનરૂપી સાગરના તળીયા સુધી એકાગ્રતાથી ડૂબકી મારશો તો જ સિદ્ધિરૂપી મૌક્તિક પામી શકશો.

જીવનમાં કેવળ એક જ નિશ્ચિત ધ્યેયને વરેલો માનવી વિશેષ સહજભાવે એકાગ્રતા સાધી શકે છે. એકાગ્ર માનવી જાણે પોતાના ધ્યેયમાં જ દુનિયાને ખોવાઇ ગયેલો લાગે છે! દુનિયાને તે શૂન્યમસ્ત કે ગાંડા સરખો લાગે છે, પણ વાસ્તવમાં તો પોતાના ધ્યેય પ્રત્યેની એકાગ્રતા એને દુનિયાની બીજી બાબતો પ્રત્યે ઉદાસીન બનાવી દે છે.

માનવી માટે અને જગત માટે એકાગ્રતા એક મોંઘી મૂડી સમાન છે. માનવકલ્યાણ કાજે અને જગતની ઉન્નતિ અર્થે એ અનિવાર્ય છે. જગત જેટલું વધારે ઓછાબોલું, વધારે શાંત અને વધારે એકાગ્ર બનશે એટલી એ વધારે પ્રગતિ સાધી શકશે, એમાં શંકા નથી.

માટે ઓછું બોલો ને ચિત્તની એકાગ્રતા સાધી તમારા નિશ્ચિત ધ્યેયમાં લાગી જાઓ. અંગ્રેજીમાં એક કહેવત છે કે "Anything worth doing is worth doing well." એટલે કે "કરવા જેવું કોઈ પણ કામ સુપેરે કરવા જેવું જ હોય છે" અને કામને સુપેરે કરવા કાજે અને એને પરિણામે સિદ્ધિને વરવા કાજે એકાગ્રતા જ 'મહામંત્ર' છે. જીવનમાં વિજયમાર્ગે પ્રસ્થાન કરવાનો વિરલ 'સિદ્ધિમંત્ર' તો 'એકાગ્રતા' જ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિદ્યાર્થી અને ઈતર વાંચન

શારીરિક વિકાસ કાજે જેમ ખોરાક જરૂરી છે તેમ માનસિક વિકાસાર્થે વાચન આવશ્યક છે. પણ જેમ ગમે તે ખોરાક ખાઇ લેવાથી યોગ્ય પોષણ અને વિકાસ મળતાં નથી તેમ હાથે ચઢે તે વાંચી લેવાથી આપણું યોગ્ય જીવનઘડતર થતું નથી. એટલા માટે જેમ દરેક વ્યક્તિએ પોતાના શરીરને માફક આવતા ખોરાકો નક્કી કરવાની જરૂર છે તેમ પ્રત્યેક વ્યક્તિએ પોતાના જીવનઘડતર કાજે શું વાંચવું અને કેવા પ્રકારનું સાહિત્ય વાંચવું એ નક્કી કરવું પણ જરૂરી છે–એમાં યે વિદ્યાર્થીઓએ તો ખાસ.

આ યુગમાં હાલતાંચાલતાં જેમ આપણી નજરે ઉપાહારગૃહો પડે છે તેમ જ્યાં નજર નાખો ત્યાં દૈનિકો, સાપ્તાહિકો, માસિકો અને પુસ્તકો પ્રગટ થતાં દેખાય છે. એમાંથી શું વાંચવું ને શું ન વાંચવું–ત્યાગવું–એ પ્રશ્ન વિદ્યાર્થીએ વિચારવા સરખો છે. હાથમાં આવે તે વાંચી લેવાથી અર્થ નહિ સરે એટલું જ નહિ પણ કેટલીક વાર વિપરીત અસર પણ થશે.

પ્રાથમિક શાળામાં ભણતાં બાળકો સ્વાભાવિક રીતે જ મોટા ટાઇપોમાં છાપેલું સચિત્ર બાલસાહિત્ય તેમ જ બાલસામયિકો વાંચવા પ્રેરાય છે. આવું સાહિત્ય બાળકોનું રંજન તો કરે છે, પણ અત્યારે સર્જાતું એમાંનું મોટા ભાગનું સાહિત્ય બાળકોને સ્વપ્નસેવી, પલાયનવાદી અને ચમત્કારોમાં માનનારાં બનાવી દેનારૂં હોય છે. એટલે રોજ–બ–રોજ સર્જાતા આપણા બાલસાહિત્યમાંથી શું વાંચવું ને શું ન વાંચવું એ માટે બાળકોને માર્ગદર્શનની ખાસ જરૂર છે. આપણા બાળકો પરિશ્રમી, આપબળે આગળ વધનારાં, દેશપ્રેમી, સાહસિક, શિસ્તપ્રેમી અને સુશીલ બને એવાં બાલવાચન માટે આપણા વડીલો અને શિક્ષકોએ આપણાં બાળકોને માર્ગદર્શન આપવાની જરૂર છે.

માધ્યમિક શાળામાં ભણતો વિદ્યાર્થી સામાન્યતઃ વાર્તાનાં પુસ્તકો વાંચવા પ્રેરાય છે. જે વાર્તાપુસ્તક હાથે ચઢે તે તત્કાળ વાંચી નાખવાની તેની વૃત્તિ હોય છે. જાસૂસી વાર્તાઓનાં અને વાર્તાપ્રવાહમાં સતત ખેંચી રાખે એવાં પુસ્તકો વાંચવામાં તેને રસ પડે છે. એ ઝડપથી, ઉપરછલ્લી રીતે અને કેવળ વાર્તાની ઘટનાઓમાં રસ લઇને વાંચે છે. આ હાનિકારક છે. માધ્યમિક શાળામાં ભણતા વિદ્યાર્થીએ પ્રેરણાત્મક ઐતિહાસિક વાર્તાઓ–પોતાના દેશની અને અન્ય દેશોની–વાંચવી આવશ્યક છે. વળી સરળ ભાષામાં લખાયેલાં મહાપુરુષોનાં જીવનચરિત્રોનું વાંચન પણ એ વેળાના તેના જીવનઘડતરમાં ખૂબ જ ઉપયોગી નીવડશે. આ માટે પણ વડીલોએ અને શિક્ષકોએ માર્ગદર્શન આપવું આવશ્યક છે.

હાઇસ્કૂલમાં ભણતો વિદ્યાર્થી સામાજિક નવલોનો અને ઈતર પરચુરણ વાચનનો રસિયો હોય છે. પણ સામયિક વાંચનમાં તો તેને હાથે બિનજવાબદાર હલકાં સિનેપત્રો અને હળવાં વાર્તામાસિકો ચઢી જાય છે. ચલચિત્રોમાં ને નટનટીઓની અંગત વાતોમાં તે ઘણો રસ લેતો થઈ જાય છે. પણ કેવળ સારાં જ ચિત્રો જેવાનો ને સારું જ વાંચન વાંચવાનો આગ્રહ તે ભાગ્યે જ સેવતો હોય છે. હાઈસ્કૂલના વિદ્યાર્થી માટે મોટું ભયસ્થાન "હલકાં સામયિકો" જ છે. આ સામે વડીલો તેમ જ શિક્ષકો વિદ્યાર્થીઓ સમક્ષ વારંવાર લાલ બત્તી ધરતા રહે એ જરૂરી છે.

કૉલેજનો વિદ્યાર્થી પાશ્ચાત્ય સાહિત્યનાં પુસ્તકો પણ વાંચે છે. જગતસાહિત્યમાં ડોકીયું કરવાની એને તક મળે છે. એ ઘણું ઘણું વાંચે છે ખરો, કેટલુંક ઘણું સારૂં એ વાંચે છે ખરો પણ એ વાચનને જીવનમાં એ ભાગ્યે જ ઉતારતો

( અનુસંધાન પેજ બીજા ઉપર )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. G 50

# અભિગ્રહ

વિશાલાપુરી નગરી. ચંદ્રાવતંસ રાજા. રાજા ધર્મપરાયણ.

એક દહાડો રાત્રિએ રાજા કાયોત્સર્ગ કરીને ઊભો રહ્યો.

મનમાં એ પ્રકારનો અભિગ્રહ કર્યો કે જ્યાં સુધી દીવો બળે ત્યાં સુધી કાયોત્સર્ગ (કાઉસગ્ગ) પારવો નહિ—પૂરો કરવો નહિ.

એક પ્રહર પૂરો થયો. દીવાનું તેલ ખૂટચું. દિવો બુઝાવાની અણી પર આવ્યો. રાજાએ કાઉસગ્ગ પારવાની તૈયારી કરી.

એ વેળા દાસી ત્યાં આવી. દીવાને બુઝાતો જોયો. દોડીને તેલ લઈ આવી. દીવામાં તેલ પૂરી વાટ સરખી કરી.

બીજો પહોર પૂરો થવા આવ્યો.

ફરી દીવો બુઝાવા લાગ્યો. દાસી ત્યાં જ ફરજ પર હતી. રાજાજી કાયોત્સર્ગમાં હોય ને દીવો બુઝાઇ જાય, એ ઉચિત નહિ.

દાસી પોતાની ફરજ યાદ કરી રહી.

ફરી તેલ પૂર્યું, દીવો ઝબકવા લાગ્યો.

એમ ત્રીજા પ્રહરે ફરી તેલ પુરાયું. ને રાજાજીની વૃદ્ધ કાયા થાકથી થરથર ધ્રૂજવા લાગી. પણ રાજાએ વિચાર કર્યો :

'રણમાં પીઠ ફેરવે એ વીર નહિ, લીધી પ્રતિજ્ઞા તોડે તે શૂર નહિ. અભિગ્રહ નહિ તોડું.'

દાસી પણ ખબરદાર હતી. ચોથે પહોરે નિર્દોષ ભાવે તેલ પૂર્યું.

સવાર થઈ. દીપ બુઝાયો. રાજાએ કાઉસગ્ગ પૂરો કર્યો. એ નીચે બેસવા ગયા, પણ અતિ શ્રમથી થાકી ગયેલા, નીચે પડયા ને પ્રાણપંખી ઊડી ગયું. જીવન પણ ધન્ય, મૃત્યુ પણ ધન્ય !

( યશોવિજય ગ્રંથમાળા સ્મરણિકામાંથી )

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય–ભાવનગર

For Private And Personal Use Only